# બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં BRICS શિખર સંમેલન દરમિયાન પ્રધાનમંત્રીએ ક્યૂબાના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી

06 જુલાઈ, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં 17 મા BRICS શિખર સંમેલન દરમિયાન ક્યૂબાના રાષ્ટ્રપતિ, મહામહિમ મિગુએલ ડિયાઝ-કેનેલ બરમૂડેઝ સાથે મુલાકાત કરી હતી. પ્રધાનમંત્રીએ અગાઉ 2023 માં જોહાન્સબર્ગમાં BRICS શિખર સંમેલનમાં રાષ્ટ્રપતિ ડિયાઝ-કેનેલને મળ્યા હતા, જ્યાં ક્યૂબા વિશેષ આમંત્રિત સભ્ય હતું.

2. બંને નેતાઓએ આર્થિક સહકાર, વિકાસ ભાગીદારી, ફિનટેક, ક્ષમતા નિર્માણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, આપદા વ્યવસ્થાપન અને આરોગ્યસંભાળના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી. ડિજિટલ ક્ષેત્રમાં ભારતની કુશળતાને સ્વિકારતાં, રાષ્ટ્રપતિ ડિયાઝ-કેનેલે ભારતના ડિજિટલ જાહેર ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને UPI માં રસ દાખવ્યો. પ્રધાનમંત્રીએ આયુર્વેદની માન્યતા આપવા પર ક્યૂબાનાં વખાણ કર્યાં અને ક્યૂબાની સાર્વજનિક સ્વાસ્થ્ય પ્રણાલીમાં આયુર્વેદને એકીકૃત કરવા માટે સમર્થન વ્યક્ત કર્યું. પ્રધાનમંત્રીએ ક્યૂબા સમક્ષ ભારતીય ફાર્માકોપિયાને માન્યતા આપવાનો પ્રસ્તાવ મૂક્યો, જેનાથી ભારતીય જેનેરિક દવાઓની પહોંચ સુનિશ્ચિત થશે.

3. બંને નેતાઓ સ્વાસ્થ્ય, મહામારી અને જળવાયુ પરિવર્તનના ક્ષેત્રો સહિત વૈશ્વિક દક્ષિણમાં ચિંતાના મુદ્દાઓ પર કામ કરવા માટે સંમત થયા. તેમણે બહુપક્ષીય ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે સહયોગની પ્રશંસા કરી.

રિયો ડી જાનેરો

06 જુલાઈ, 2025